
## ગાંધીનગર મને ગમે છે...



- ડો. શરદ વ્યાસ

'ગાંધીનગર મને ગમે છે' એના કરતા 'ના કેમ ગમે' એ પ્રશ્ન વધારે વ્યાજબી લાગે છે.

પ્રકૃતિની સુંદરતા, હવાની ઉત્તમતા, શિક્ષણની ઉત્કૃષ્ટતા, સરકારની સત્તા સ્થાન, બુદ્ધિજીવીઓનો વિશાળ સમુહ, શહેરની સુઘડ વ્યવસ્થા, ધર્મસ્થળોની ભીડ, ગાંધીજીની સ્મૃતિઓ, દીલદાર ગાંધીનગર જનો, બગીચા, વનો ને રંગમચોથી સુશોભતા છે. સાંસ્કૃતિ રંગો, પ્રસંગોની ઉજવણી, મેળાને વડીલોની સાથે સાથે રમચ ગમતનું મધ્ય સ્થાન સાથે લૉ ને ફોરેન્સીક લેબોરેટરીને મેડીકલ કોલેજ જેવી ઉચ્ચ શિક્ષણક સંસ્થાઓ, પરિવહનની મેટ્રો જેવી વ્યવસ્થા ને હવે સ્માર્ટ સીટીના દરવાજે આવી ઉભેલ મારૂ ગાંધીનગર, ગુજરાતના પાટન ગરની તમામ ખુબીઓ ધરાવે છે. ગાંધીનગર મહાનગર પાટનગર વિષે શું કહુ ને શુ ના કહુ.

જીંદગીના જીવવાના વર્ષો ચોક્કસ વધ્યા, આનંદ, શાંતિને સંતોષ આપતી અહીંની ગ્રીનરી વિશ્વવિખ્યાત બની છે.

ગાંધીનગરમાં રહેવાનો જીવવાનો આ એક અનેરો લાહવો છે. એક આત્મ સંતોષ છે ને અંગત રીતે મારી બધી સફળતા માટે એ જવાબદાર છે. કેમ કે મને પુરે પુરો અવકાશ અને વાતાવરણ પ્રદાન કર્યુ.

એક મોડલ શહેર તરીકે ઉભરેલ આ નગર તમામ રીતે સંપૂર્ણ છે, સશક્ત છે તથા આધુનિક પણ છે.

આવો ગાંધીનગરને ખોબે ખોબે વધાવીએ, તેનું ઉર્જસ ને સર્જન કરીએ, તેને જાળવીએ-સ્વચ્છ રાખીએ ને આપણા સૌનું આ ગૌરવવંતુ શહેર આમજ ઉત્તરોત્તર ચારે દિશાઓમાં પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા સહ જય જય ગરવી (ગુજરાત) ગાંધીનગર નગરી.

# ગ્લોબલ આયુષ સમિટ-૨૦૨૨માં યુવાનોની મોટી ભૂમિકા

## આ સમિટના પરિણામો ભવિષ્યમાં જામનગરને આયુર્વેદક્ષેત્રે ભારતનું જીનીવા બનાવશે : પ્રાચીન ભારતીય જીવનશૈલીની પરંપરાગત આહાર તથા ઉપચારનો વિશ્વભરમાં ડંકો વાગશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વિશ્વની સૌપ્રથમ ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨ ચાલી રહી છે જેના ઉદ્ઘાટન સમારંભમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ડૉ. ટેડ્રોસ ઘેબ્રેસિયસ અને મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદકુમાર જુગનાથ પધાર્યા હતા. આ સમિટ સાથે પ્રાચીન ભારતીય સંસ્કૃતિની જીવન પદ્ધતિ આધારિત આયુર્વેદ, યોગ-પ્રાણાયામ અને કુદરતી ઉપચારો આહાર સંબંધિત બાબતોને આવરી લેતુ પ્રદર્શન તથા આયુષ શેફ કોમ્પિટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે જે રાજ્યમાં આયુર્વેદનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે પણ ફળદાયી નીવડી રહ્યું છે. મોટી સંખ્યામાં આ સમિટમાં યુવાનો જોડાયાં છે અને વિવિધ તબક્કે સેવા આપી રહ્યાં છે.

### પરંપરાગત ધાન્યના ઉપયોગથી બનતી અવનવી વાનગીઓએ આકર્ષણ જમાવ્યું

ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટર્સ એન્ડ ઈનેલેશન સમિટ-૨૦૨૨માં "આષુષ શેફ કોમ્પિટીશન" પણ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં મોટાભાગના સ્પર્ધક યુવાનો હતા જેમણે પરંપરાગત ભારતીય ધાન્યોના ઉપયોગથી કુકીઝ, બિસ્કિટ, સલાડ, કેન્ડીઝ ઉપરાંત પાતરાં, ખીર, ખીચડી સહિતની અનેકવનિધ નાસ્તાની વાનગીઓ બનાવી હતી. આ વાનગીઓએ મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ વાનગીઓમાં કેટલીંક આયુર્વેદિક શક્તિવર્ધક અને રોગપ્રતિરોધક ઈમ્યુનિટીવર્ધક ઔષધિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ગ્લોબલ આયુષ સમિટના કારણે આગામી સમયમાં વિશ્વભરમાં મૂળ ભારતીય આહાર અને ઉપચાર સહિતની જીવનશૈલીનો ડંકો વાગી શકે છે જેનો સીધો લાભ દેશના અર્થતંત્રને પણ મળશે. આ સમિટમાં મોરીશિયસ સહિત અનેક દેશોના આરોગ્ય નિષ્ણાંતો તથા પરંપરાગત અને વૈકલ્પિક દવાઓના ઉત્પાદકો તથા તેને સંલગ્ન ટેકનોકેટસ પધાર્યા છે. આ સમિટ ગાંધીનગર શહેર માટે પણ લાભકારક સાબિત થઈ રહી છે. સમિટ દરમ્યાન ગાંધીનગરના કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજના ડેપ્યુટિ સુપ્રિટેન્ડન્ટ વૈદ્ય રાકેશભાઈ ભટ્ટ સમગ્ર સમિટની ભોજન કમિટીના અધ્યક્ષ તરીકે સુપેરે જવાબદારી સંભાળી છે. આ સમિટ કેવી રહી તે અંગે ગાંધીનગર સમાચારે તેમના સહિત વિદેશી મહેમાન અને આયુર્વેદના અભ્યાસુઓ પાસેથી જાણવા પ્રયાસ કર્યો હતો જે અત્રે પ્રસ્તુત છે.



"આ સમિટથી જામનગર ભારત માટે ભવિષ્યનું જીનીવા બની શકે છે. કેમકે જામનગર ખાતે વિશ્વ આરોગ્ય સંસ્થાનું ગ્લોબલ સેન્ટર શરૂ કરાયું છે તેને આ સમિટથી બળ મળશે. આ સેન્ટર માટે ચીન સહિતના દેશોએ ખૂબ પ્રયત્ન કર્યો હતો પરંતુ નરેન્દ્ર મોદીના કારણે ભારતને મળ્યું છે. આ સમિટથી વિશ્વભરમાં પરંપરાગત દવાઓ તથા આહારના ઉત્પાદનો માટે ભારતને ખૂબ લાભ થશે. મોરેશિયસમાં ૧૯૮૯થી આયુર્વેદ અને વૈકલ્પિક દવાઓ માટેનો કાયદો અમલમાં છે. મોરીશિયસને 'લઘુ ભારત' તરીકે ઓળખવામાં આવે છે. આ સમિટથી બંને દેશોને ઘણો લાભ થશે.'

**- સુધિર જોરાવંત**
**વાઈસ પ્રેસિડન્ટ, એસોસિએશન ઓફ આયુર્વેદ મેડિકલ પ્રેક્ટિશનર ઈન મોરેશિયસ**



"આ સમિટમાં આવ્યાં પછી આયુર્વેદ ક્ષેત્રે જે મોટા મોટા આચાર્યોના નામ સાંભળ્યાં હતા તેમને મળવાની તક મળી, તેમની પાસેથી ઘણી બાબતો જેમ કે ટેકનોલોજીનો ઉપયોગ વગેરે શીખવા મળ્યુ, તેમના થકી મોટીવેશન મળ્યુ. આ સમિટમાં મેરઠના આચાર્ય બાલેન્દુ પ્રકાશને મળ્યાં જેઓ ૧૯૯૫થી ઓનલાઈન ઓપીડી-સારવાર કરી રહ્યાં છે, તેમની પાસેથી રસાયણોના ઉપયોગ અંગે મહત્વની જાણકારી મળી. આવા ઘણા બધા નિષ્ણાંતો-તજજ્ઞોને મળવાની તક મળી તેથી આ સમિટ અમારા માટે ખૂબ ફળદાયી રહી."

**- વૈદ્ય સીમા વિરમગામા**
**આયુર્વેદમાં અનુસ્નાતકની વિદ્યાર્થીની**



"મને આ સમિટ ખૂબ 'હેલ્પફુલ' લાગી કેમ કે સાંપ્રત સમયમાં સમાજમાં શું થઈ રહ્યું છે તે અંગે જાણકારી મળી રહી છે, ખાસ કરીને કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને બીબાંઢાળ પ્રેક્ટીસના બદલે આ સમિટમાંથી ભાવિ વિકાસ માટે નવી દિશા મળી શકે છે. ભારતમાં અત્યારે સ્ટાર્ટઅપની બેલ વાગી રહી છે અને દર ૯ દિવસે એક નવો યુનિકોર્ન બની રહ્યો છે તે અંતર્ગત આયુષમાં સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે ખૂબ સ્કોપ છે."

**- વૈદ્ય શ્રુતિ જોષી**
**દ્રવ્યગુણ વિષયમાં અનુસ્નાતક વિદ્યાર્થીની**



"ગ્લોબવ આયુષ સમિટમાં આવવાથી ઘણા બધા ઈનોવેટિવ આઈડિયાઝ જાણવાં મળ્યાં, નિષ્ણાંતોના લેક્ચર સાંભળવા મળ્યાં. બાલેન્દુ પ્રકાશ પાસેથી રસશાસ્ત્ર વડે મોટા રોગ મટાડી શકાય તે અંગે માર્ગદર્શન મળ્યું. આ સમિટના કારણે આયુર્વેદ ક્ષેક્ષે વિશ્વભરમાં શું ચાલી રહ્યું છે તે અંગે પણ માહિતી પ્રાપ્ત થવા પામી છે. આ સમિટ ભારત માટે ખૂબ મહત્વની સાબિત થશે અને સાથે અમને ભાવિ વિકાસ માટેનો રાહ મેળવવામાં મદદરૂપ થશે."

**- વૈદ્ય દેવાંશી શિરવી**
**રસશાસ્ત્રમાં અનુસ્નાતકની વિદ્યાર્થીની**

# સરગાસણ ચોકડી પાસેથી મળી આવેલ માનસિક વિકલાંગ મહિલાનું અભયમની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

સરગાસણ ચોકડી પાસેથી એક માનસિક વિકલાંગ સ્ત્રી મળી આવી હતી. જેને અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ દ્વારા યોગ્ય રીતે કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. તે મહિલા માનસિક અસ્થિર હોવાથી નામ સરનામું પણ જણાવતી ન હતી. ત્યારે અભયમની ટીમ દ્વારા કરાયેલા અથાક પ્રયાસોને પરિણામે તેનું પરિવાર સાથે સુખદ મિલન થયું હતું.

ગાંધીનગર, તા. ૨૨

તા.૧૭ એપ્રિલના રોજ રાત્રિના ૯.૨૭ કલાકે એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ માં કોલ આવ્યો હતો કે એક મહિલાની માનસિક સ્થિતિ નબળી છે તેઓ સરગાસણ ચોકડી પાસે એકલા રોડ પર આંટા મારી રહ્યા છે. અને પોતાનું નામ સરનામું જણાવતા નથી. ૧૮૧માં કોલ આવતાની સાથે જ ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે હાજર ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર ભાવનાબેન પરમાર, કોન્સ્ટેબલ કિંજલબેન રાણા તેમજ ડ્રાઈવર ફતેસિંહ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અભયમની ટીમ દ્વારા આ મહિલાને વિશ્વાસ અપાવી તેમની સમસ્યા જાણવાના પ્રયાસો કર્યા હતા. લાંબા ગાળાના કાઉન્સેલિંગ બાદ પોતાનું નામ આશાબેન(નામ બદલ્યું છે) જણાવ્યું હતું. તેમજ સરનામું પૂછતાં તેઓ અલગ અલગ ગામ જણાવતા હતા. પીડિતા જે ગામનું નામ જણાવતા હતા તે ગામના સરપંચનો સંપર્ક સાધી તેમની મદદ લીધી હતી. પીડિતાએ જણાવ્યું હતુ કે તેના લગ્નને ૮ વર્ષ થયા અને તેના એક વર્ષ બાદ છૂટાછેડા થઈ ગયા હતા. તેમના જણાવ્યા અનુસાર અભયમની ટીમ દ્વારા ઘર સરનામું શોધવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. આખરે તેમના પરિવાર અંગે જાણકારી મળી જતા તેમનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. પરિવારજનોએ જણાવ્યું હતુ કે પીડિતાને છૂટાછેડાનો આઘાત લાગતા તેમની માનસિક સ્થિતિ નબળી છે. જેથી અવારનવાર તેઓ ઘર છોડી જતા રહે છે. ત્યારે અભયમની ટીમે પીડિતાની માનસિક સારવાર કરાવી તેમને પ્રેમ હૂંફ આપવા જણાવ્યું હતું.

## 'તારૂ મૌન બુલંદ' પુસ્કનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૨

'તારૂ મૌન બુલંદ' યોગેશ્વરી (યાત્રાજીવનની) પુસ્તકનો વિમોચન સમારોહ આગામી તા. ૨૪મી એપ્રિલના રોજ સવારે ૧૦ વાગે શ્રી મારૂતીનંદન બેન્કવેટ હોલ, વટવા, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. લેખલ અભિલાષ મઢીવાળાએ તેમના માતૃશ્રી સ્વ. યોગેશ્વરીબેનના જીવનને અક્ષરદેહ આપી આ પુસ્તક લખ્યુ છે. પૂ. સ્વામીશ્રી અસંગાનંદજી સરસ્વતીના હસ્તે પુસ્તકનું વિમોચન થશે. પ્રમુખ તરીકે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટીસ પી.પી. ભટ્ટ, મૂર્ધન્ય સાહિત્યકાર રજનીકુમાર પંડ્યા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. જ્યારે વિશિષ્ટ વક્તા તરીકે જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. જ્યારે રસદર્શન ડૉ. કેશુભાઈ દેસાઈ કરાવશે અને કવિ નીરવ વ્યાસનું સાનિધ્ય રહેશે.

# શહેરમાં ઓનલાઈન ફૂડ ડીલીવરીના ચાર્જમાં વધારો

## શહેરીજનોને ૧૦૦ રૂપિયાની વસ્તુ ખાવા માટે ૨૦૦ થી ૩૦૦ રૂપિયા વધારે આપવા પડે છે મોંઘવારીના કારણે દરેક ચીજવસ્તુઓનાં ફૂડ ડીલીવરી ચાર્જ વસૂલવામાં આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં વર્કીંગ વુમન તથા સ્વાદના રસિયાઓ ઘરે બેસીને મનપસંદ ભોજન માણી શકે તે માટેની ઉત્તમ સુવિધા એટલે ઓનલાઈન એપ્લિકેશન સ્વીગી અને ઝોમેટો. વધતી જતી મોંઘવારીના કારણે આ ઓનલાઈન ફૂડ ડીલીવરી એપમાં પણ મોંઘવારી જોવા મળી રહી છે. ગ્રાહકો પાસેથી વર્ષોથી ફૂડ ડીલીવરી ચાર્જ વસૂલવામાં આવતા નહોતા એટલે કે ફ્રી ફૂડ ડીલીવરી થતી હતી જેમાં હવે મોંઘવારીના કારણે ફૂડ ડીલીવરી ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. તેથી ૨૦૦ રૂપિયાની વસ્તુ મંગાવતા જીએસટી અને ફૂડ ડીલીવરી ચાર્જ એમ થઈને કુલ ટોટલ તો ૩૦૦ રૂપિયાએ પહોંચી જાય છે એટલે ગ્રાહકોને હવે ઘરે બેઠા ફૂડ મંગાવવું પણ મોંઘુ બની ગયુ છે.







પેટ્રોલના ભાવ સેન્ચુરી વટાવી દેતા ઓનલાઈન ફૂડ ડીલીવરી કરવાવાળા કર્મચારીઓને પેટ્રોલના ભાવ વધતા ફ્રી ફૂડ ડીલીવરી પોસાય તેમ ન હોવાથી તેમાં વિસ્તારના અંતર મુજબ ચાર્જ વસૂલવામાં આવી રહ્યા છે. જેમાં ૫૦ રૂપિયાથી વધારે ફૂડ ડીલીવરી ચાર્જ તથા અન્ય ટેક્સ વસૂલવામાં આવતા ગ્રાહકોને આ ભોજનનો સ્વાદ માણવો મોંઘો થઈ ગયો છે. તેવામાં ઓનલાઈન ફૂડનો બિઝનેસ જેટલો આસમાને પહોંચ્યો હતો તેમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. મોંઘવારીનો માર ગ્રાહકો સહન ન કરી શકતા ઓનલાઈન ખાણી-પીણીના ઓર્ડરમાં ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત હોટલોમાં પણ ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. દરેક ચીજવસ્તુઓમાં ભાવ વધારો થવાથી નાગરિકોએ પણ ભાવતા ભોજન ઘરે જ બનાવીને જમવાનુ મન વાળી દીધુ છે. આટલી મોંઘવારીમાં છેવટે માત્ર મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# શહેરમાં વિસરાતો પોસ્ટનો લાલ ડબ્બો

## સ્માર્ટ ફોનના હાઈટેક મેસેજના સમયમાં પોસ્ટકાર્ડ ભુલાયા : પોસ્ટકાર્ડ બંધ થતાં પોસ્ટનો લાલ ડબ્બો પણ હવે ક્યાંય જોવા મળતો નથી

ગાંધીનગર, તા. ૨૨

સગા-સંબંધીઓનો પોસ્ટકાર્ડ આવે એની એક સમયે રાહ જોવાતી. પરણીને ગયેલી દિકરી તેના ક્ષેમકુશળના અને તેની આવવાની જાણ કરતો પોસ્ટકાર્ડ લખે તો ઘરમાં આનંદ-ઉલ્લાસ છવાઈ જતો. પોસ્ટકાર્ડને પોસ્ટ કરવા માટેના લાલ ડબ્બા ઠેર ઠેર જોવા મળતા પરંતુ બદલાતા જતા સમયમાં પોસ્ટકાર્ડની સાથે જ તેના ડબ્બા પણ ગાયબ થઈ ગયા છે.



પોસ્ટકાર્ડ દ્વારા સંદેશ પહોંચાડવાની વ્યવસ્થા હવે ભુલાઈ ગઈ છે. સ્માર્ટ ફોન આવતા પોસ્ટકાર્ડ લખવાનું ચલણ જાણે સાવ જ બંધ થઈ ગયુ છે. એક સમય હતો જ્યારે સગા-સંબંધીઓ પોસ્ટકાર્ડ દ્વારા એકબીજાની ક્ષેમકુશળના સમાચાર મોકલતા હતા. પોસ્ટકાર્ડ મોકલવા માટેના લાલ ડબ્બા ઠેર ઠેર લગાવવામાં આવતા. લગભગ દરેક વિસ્તારમાં પોસ્ટના આવા લાલ ડબ્બાઓ જોવા મળતા. પોસ્ટમેન દરરોજ તેમાંથી પોસ્ટકાર્ડ અને અન્ય ટપાલ લઈ જતો અને જે તે સરનામે પહોંચાડતો. છેલ્લા વીસેક વર્ષથી પોસ્ટકાર્ડનું ચલણ સાવ જ ઓછુ થઈ ગયુ છે. હવે તો ભાગ્યે જ કોઈક પોસ્ટકાર્ડ લખે છે. પોસ્ટ વિભાગની કામગીરી જાણે સાવ જ ઓછી થઈ ગઈ છે. પોસ્ટકાર્ડ લખાતા બંધ થતા પોસ્ટના લાલ ડબ્બા જાણે ગાયબ થઈ ગયા છે. ક્યાંક ક્યાંક આવા એકાદ ડબ્બા જોવા મળે છે પરંતુ તે જાણે સાચે જ ડબ્બો થઈ ગયા છે.

## કવિ હસિત બૂચની જન્મશતાબ્દીએ 'સાનિધ્ય' કાર્યક્રનું આયોજન



ગાંધીનગર, તા. ૨૨

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તારીખ-૨૬ એપ્રિલ, મંગળવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે, ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, નાટ્યકાર, ચરિત્રકાર હસિત હરિરાય બૂચની જન્મશતાબ્દી પ્રસંગે 'સાન્નિધ્ય' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

હસિત બૂચના જીવન વિશે હસિત બૂચની પુત્રી નિર્ઝરી મહેતા અને હસિત બૂચની કાવ્યસૃષ્ટિ વિશે કવિ હર્ષદ ત્રિવેદી વક્તવ્ય આપશે.

આ પ્રસંગે હસિત બૂચના પરિવારજનો, સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# 'પાવર ઓફ પીસ' પ્રદર્શની વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી

## કાર્યક્ષમતા વિકસિત કરવાના, શાંતિની શક્તિ, વ્યસનમુક્તિ અને આધ્યાત્મિક ચિત્રો પ્રદર્શનીમાં લોકો નિહાળી શકશે

ગાંધીનગર, તા. ૨૨

દેશની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બ્રહ્માકુમારીઝ ચાંદખેડા જનતાનગર શાખા આયોજિત 'પાવર ઓફ પીસ' પ્રદર્શની વાનને જેવી બીમારીઓથી ત્રસ્ત છે. તેમાંથી મુક્ત થાય સ્વયંમની કાર્યક્ષમતાને વિકસિત કરે અને શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં પોતાનો સહયોગ આપે તેવા ઉદ્દેશથી 'પાવર ઓફ પીસ' પ્રદર્શની વાન યાત્રાનું આયોજન થયું સકારાત્મક પવિત્ર અને નિર્ભય બનાવવાનું સંસ્થાના કાર્યથી મનુષ્યમાં નિયમિત અભ્યાસ, એકાગ્રતા, સ્મરણશક્તિ, નિર્ણાયકતાનો વિકાસ થાય છે. તનાવ-ભય-ચિંતા-વ્યસનો જેવા પટેલ, રાજુભાઈ પટેલ સહિત અગ્રણીઓ પણ યાત્રામાં જોડાયા હતા. ઉપસ્થિત મહેમાનો વિશિષ્ટ પરિચય અને સમગ્ર પ્રસંગનું સંચાલન જાણીતા ઉદઘોષક ભાનુભાઈ દવેએ કર્યું હતું. પુલક હોય તેમ રેલાતી પુલક ત્રિવેદીની કોલમ વિશે વિસ્તૃત વાત કરી હતી. આભાર દર્શન કરતા બ્રહ્માકુમારીઝ વીણાદીદીએ કહ્યું કે આ પ્રદર્શની વાન સાબરમતી-ચાંદખેડા અને ઝુંડાલના







ચાંદખેડા ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા પ્રેસ અકાદમી, ગુજરાતના સચિવશ્રી અને વર્તમાનપત્રોના જાણીતા કોલમીસ્ટ પુલક ત્રિવેદીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રવર્તમાન સમયમાં માનવી ચિંતા-તનાવ-ક્રોધ છે. પુલક ત્રિવેદીએ બ્રહ્માકુમારીઝ યુવા પ્રભાગ દ્વારા આયોજિત આ કાર્ય બદલ અને શુભેચ્છા આપતા કહ્યુ કે સ્વચ્છ-સ્વસ્થ અને સ્વર્ણીય ભારતના નિર્માણમાં આ સંસ્થા શ્રેષ્ઠ કર્તવ્ય કરી રહી છે. મનુષ્યને સહજ જ્ઞાન અને રાજયોગ શીખવીને નકારાત્મકતાથી મુક્ત થવાય છે.

આ અવસરે ચાંદખેડા મ્યુનિસિપલ કાઉન્સિલર અને મ્યુનિસિપલ ભાજપ પક્ષના દંડક અરૂણસિંહ રાજપુત, કાઉન્સિલર રીટાબેન પટેલ, ચાંદખેડા વિભાગના પ્રમુખ નવીનભાઈ ત્રિવેદી દ્વારા હદયના ઊંડાણથી વાસ્તવ અને ચિંતનનો સુમેળ સાધીને લખાયેલા 'ટૂંકુ ને ટચ' અને 'સીધું ને સટ' લેખ સંગ્રહનો ઉલ્લેખ કરીને ભાનુભાઈએ બે વર્તમાન પત્રોમાં રસપૂર્વક વંચાતી અને મેઘ ધનુષ્યના રંગો રેલાતા વિસ્તારોમાં ફરીને 'શાંતિની શક્તિ'નો સંદેશો લોકો સુધી પહોંચાડશે. આ પ્રસંગે મહિલા બાળ કલ્યાણ સોસાયટીના પ્રમુખ નીતાબેન પુરોહિત, મહેશભાઈ, રમણભાઈ સહિત અનેક લોકોએ યાત્રામાં જોડાયા હતા.

# રાસેયો શારીરિક શિક્ષણ વિભાગ સાદરા દ્વારા વાનગી હરીફાઈ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા માનનીય રાજયપાલશ્રીનાં આહવાન પર પંચ પ્રકલ્પ વિષય પર રાસેયો દ્વારા પોષક તત્વો વાળી ખોરાકને ધ્યાનમાં રાખી વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સાદરા ગામના આશરે ૫૦ ગૃહિણીઓએ ભાગ લીધો હતો અને નિષ્ણાત ડૉ. ઉષા બેન પટેલ અને ડૉ રંજન બેન પટેલ દ્વારા ગૃહિણીઓને આહાર અને સમતોલન આહાર વિશે માહિતી આપવામાં આવી હતી અને કેવી રીતે ઓછામાં ઓછા ખર્ચમાં વધારે પોષક તત્વો વાળી વાનગી બનાવી શકાય છે અને પોતાના ઘરનાં લોકોના સ્વાસ્થ્ય જણાવી શકાય છે આ હરીફાઈમાં શ્રીમતિ મીનલ અરવિંદભાઈ રામી વિજેતા બની હતી અને તેમણે મુખ્ય અતિથી ડૉ. ઉષા બેન પટેલ અને ડૉ રંજન બેન પટેલનાં હસ્તે ઈનામ આપવામાં આવ્યું હતું સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન ડીન શ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટનાં માર્ગદર્શન હેઠન કરવામાં આવ્યું હતું.

# હિમોફિલિયાના દર્દીઓની નિઃશુલ્ક સારવાર માટે ગાંધીનગર રેડક્રોસનું અભિયાન

ગાંધીનગર, તા.૨૨

ફિમોફિલિયા એક અસાધ્ય આનુવંશિક બિમારી છે. આ ખામી લોહી ગંઠાવાની પ્રક્રિયામાં કામ કરતા ઘટકની લોહીમાં ઉણપના કારણે થાય છે. આના કારણે શરીરના સ્નાયુઓ,સાંધાઓ, પેશાબ વાટે અને મગજમાં આંતરિક રકતસ્ત્રાવ થાય છે અને દર્દીને ઘણી શારીરિક તકલીફોનો સામનો કરવો પડે છે.

દરેક વ્યકિતના લોહીમાં લોહી ગંઠાવાની પ્રક્રિયામાં કામ કરતા ૧૩ ઘટક હોય છે. આ રોગના દર્દીઓને જન્મથી જ એમના ફેકટર-૮ અથવા ફેકટર-૯ની ખામી હોય છે. જેના કારણે ઈજાથી કે ઈજા વગર પણ રકતસ્ત્રાવ થાય છે.

હિમોફિલિયા સારવાર રૂપે ખુટતા જીવન રક્ષક ફેકટર આપવા આદર્શ સારવાર છે. પરંતુ જીવનરક્ષક ફેકટર ભારતમાં બનતા નથી. જે આયાત કરીને લાવવા પડતા હોય છે. આ રાજયની સંવેદનશીલ સરકાર વર્ષે આશરે ૨૫ કરોડ જેટલી માતબર રકમ દર્દીઓ પાછળ ખર્ચે છે. ગુજરાતની મોટા ભાગની જિલ્લા સરકારી હોસ્પિટલોમાં નિઃશુલ્ક હિમોફિલિયાની સારવાર ઉપલબ્ધ છે. હિમોફિલિયાની એક વખતનો સારવારનો ખર્ચ ૧૦થી ૨૦હજાર રૂપિયા થતો હોય છે. તીવ્ર હિમોફિલિયા ધરાવનાર વ્યકિતને મહિનામાં ૩થી ૪ વાર આ સારવારની જરૂર પડતી હોય છે.

જો આ દર્દીઓને સમયસર સારવાર અને જીવનરક્ષક ફેકટર ન મળે તો કાયમી ખોડ રહી જાય છે. દર્દી નાની ઉંમરે પંગુતાને ભેટે છે. કરોડરજ્જુ કે મગજમાં આંતરિક રકતસ્ત્રાવ થાય છે જે દર્દી માટે જીવલેણ નિવડી શકે છે. આ દર્દના દર્દીઓ માટે જનજાગૃતિ આવ તે જરૂરી છે. દર્દીઓને જીવનસુરક્ષા અને જીવન વિમા જેવું કવર પ્રાપ્ત થતું નથી જેથી દર્દી અને તેના પરિવાર દુઃખના ભાગીદાર બની જાય છે. આવા દર્દીને આપના ધંધા રોજગારના માધ્યમથી રોજગારી અપાજીને પગભર કરી શકાય. હિમોફિલિયાના દર્દીઓ જો આપના ધ્યાનમાં હોય તો રેડક્રોસ, ગાંધીનગરનો સંપર્ક કરાવી મદદરૂપ થઈ શકો છો.